# સરપ્લસ રાજ્યમાં હવે વીજળીની ખોટથી દોડાદોડ, સરકારે બેઠક કરી

**આગોતરા** આયોજનોના અભાવે વીજ સમસ્યા ઘેરી બની, સરકારનો વીજ વપરાશ એક વર્ષમાં ૩૬.૬ ટકા વધ્યાનો દાવો

**સપ્ટેમ્બર**-ઓક્ટોબરમાં સરેરાશ માંગમાં આશરે ૪,૦૦૦ મેગાવોટનો વધારો

**સાંજે** પાંચથી રાત્રે અગિયાર વચ્ચે સૌથી મોટો પડકાર બની રહ્યો છે

ગાંધીનગરઃ જે ગુજરાત રાજ્યમાં વીજળી સરપ્લસ હોવાનો દાવો કરવામાં આવતો હતો તે ગુજરાતમાં વીજળીની ખોટ પડવા માંડતા તમામ દાવાઓ ખોટા સાબિત થયા છે. રાજ્યમાં ઊર્જા તંત્ર માટે ચિંતા અને આયોજન બંનેના નવા પડકારો ઊભા થયા છે. ગરમીનું પ્રમાણ વધવું, સિંચાઈ માટે કૃષિ ક્ષેત્રની ભારે માંગ અને દિવાળી પૂર્વે ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં આવેલી જોરદાર તેજીને કારણે રાજ્યમાં વીજ વપરાશ ચિંતાજનક સપાટીએ પહોંચ્યો છે. આ માટે સરકાર દ્વારા આગોતરા આયોજનો કરવામાં આવ્યા નહીં અને તેને કારણે વીજપુરવઠાની ખોટ પડી રહી છે. સરકાર દ્વારા એવો દાવો કરાયો છે કે ગુજરાતમાં વીજળીની માંગ અને વપરાશમાં અત્યાર સુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. જેમાં ૧૯ ઓક્ટોબરના રોજ અત્યાર સુધીની સૌથી વધુ ૨૯,૮૨૨ મેગાવોટ વીજ માંગ નોંધાઈ છે, જે ગત વર્ષની સરખામણીએ ૩૬.૬ ટકાનો મોટો વધારો દર્શાવે છે. ૧૬ ઓક્ટોબરના રોજ દૈનિક વીજ વપરાશ ૫૭૪ મિલિયન યુનિટ નોંધાયો હતો (ગત વર્ષે આ જ સમયગાળામાં ૪૫૭ મિલિયન યુનિટ હતો), એટલે કે વપરાશમાં આશરે ૨૭ ટકાનો વધારો થયો છે.

આ વધતી માંગને પહોંચી વળવા અને ભવિષ્યમાં વીજ સંકટ ન સર્જાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં નીચે મુજબના મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. જેમાં કેન્દ્રીય કોલસા મંત્રાલય દ્વારા નવેમ્બરથી રોજના ૧૩થી ૧૪ રેલવે રેક કોલસાનો પુરવઠો સુનિશ્ચિત કરવાની ખાતરી આપવામાં આવી છે. એનટીપીસીના ફરક્કા વીજ મથકમાંથી ૩૨૯ મેગાવોટ વીજળી ફાળવાઈ છે. આસામના હિસ્સામાંથી લાંબા ગાળા માટે ૫૫૧ મેગાવોટ વીજળી મળી છે. આગામી સમય માટે કેન્દ્ર સરકાર પાસેથી વધુ ૫,૦૦૦ મેગાવોટ વીજળી ફાળવવાની માંગણી કરવામાં આવી છે. સાંજના સમયે વીજ માંગને પહોંચી વળવા બેટરી સંગ્રહ ક્ષમતા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જેના અંતર્ગત માર્ચ ૨૦૨૭ સુધીમાં ૫૦૦ મેગાવોટ ક્ષમતા કાર્યરત કરવાનો લક્ષ્યાંક છે. ઉકાઈ ખાતે ૮૦૦ મેગાવોટનો નવો થર્મલ વીજ પ્લાન્ટ નિર્માણાધીન છે (જે સપ્ટેમ્બર ૨૦૨૯થી કાર્યરત થશે), તેમજ સિનોર, વણાકબોરી અને ગાંધીનગર ખાતે પણ નવા પ્રોજેક્ટ્સ માટે પ્રક્રિયા ચાલી રહી છે. વધતી વીજ માંગ સામે નાગરિકોને અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે સરકાર સતત સક્રિય છે, પરંતુ આગામી સમયમાં પાવર ગ્રીડનું સંતુલન જાળવવું એ એક મોટો પડકાર બની રહ્યો છે.

### વીજસંકટ માટેનાં મુખ્ય પરિબળો

» હવામાનની અસરઃ નબળા ચોમાસાને કારણે ઊંચું તાપમાન રહેવાથી ઘરો અને કચેરીઓમાં ઠંડક માટે વીજ વપરાશ વધ્યો છે.
» કૃષિ ક્ષેત્રનું ભારણઃ ખેડૂતોના ઊભા પાકને સિંચાઈ માટે પૂરતી વીજળી અપાતા કૃષિ ક્ષેત્રનો વીજભાર દૈનિક મહત્તમ ૧૨,૦૦૦ મેગાવોટ સુધી પહોંચ્યો છે.
» ઉદ્યોગો અને તહેવારોઃ દિવાળીના તહેવારો અગાઉ ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં ભારે તેજી જોવા મળી છે.
» નવીનીકરણીય ઊર્જાની મર્યાદાઃ સૂર્યાસ્ત પછી સોલાર વીજ ઉત્પાદન બંધ થઈ જવું અને પવનની ગતિ ઓછી રહેવાથી પવન ઊર્જા ઘટવી, તેમજ ઓછા વરસાદને કારણે જળવિદ્યુત ઉત્પાદનમાં ઘટાડો થવાથી કોલસા અને ગેસ આધારિત વીજ મથકો પર દબાણ વધ્યું છે.

### વીજ વિતરણ કંપનીઓનો હિસ્સો

**રાજ્યમાં કુલ વીજ વપરાશનું વિતરણ નીચે મુજબ રહ્યું છેઃ**
PGVCL (પશ્ચિમ ગુજરાત): અંદાજે 30%
DGVCL (દક્ષિણ ગુજરાત): ૨૨%
UGVCL (ઉત્તર ગુજરાત): ૨૨%
MGVCL (મધ્ય ગુજરાત): ૧૦%
અન્ય વિતરણ કંપનીઓ: ૧૬%

---

દશેરાની રાત ગોઝારી બની ગઈ

# ગુજરાતમાં ત્રણ અકસ્માતમાં 8નાં મોત

**ગોઝારી** ઘટનાઓના પગલે પરિવારોમાં શોક

ગાંધીનગરઃ ગુજરાતમાં દશેરાની આસપાસ માર્ગ અકસ્માતની બે અલગ ઘટનાઓમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ગાંધીનગરના અડાલજ નજીક ગરબા રમીને પરત ફરી રહેલા ચાર યુવામિત્રની કારને નડેલા અકસ્માતમાં ત્રણનાં મોત થયાં છે. બનાસકાંઠાના પાલનપુર-ડીસા હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરથી રિક્ષામાં સવાર પતિ-પત્ની અને રિક્ષાચાલકનાં મોત થયાં હતાં. અમીરગઢ નજીક બાઈકને અજાણ્યા વાહને ટક્કર મારતાં જીઆરડી (GRD) જવાન અને તેના મિત્રનું મોત થયું હતું. અડાલજમાં પૂરપાટ ઝડપે જતી કાર ડિવાઈડર સાથે અથડાઈને ઝાડ સાથે ટકરાઈ પલટી ખાઈ ગઈ હતી, જેમાં એક યુવક અને બે યુવતીનાં મોત થયાં હતાં,

### અડાલજમાં ગરબા રમી પરત ફરતાં ત્રણ યુવાનનાં મોત

ગાંધીનગરના અડાલજ રોડ પર મહારાજા હોટેલ નજીક દશેરાની વહેલી સવારે હોન્ડાઈ વરના કાર ગમખ્વાર અકસ્માતનો ભોગ બની હતી. કારમાં સવાર ચાર યુવામિત્રો ગાંધીનગરમાં ગરબા રમીને અમદાવાદ પરત ફરી રહ્યા હતા ત્યારે કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી કાર ડિવાઇડર પર ચઢી ઝાડ સાથે અથડાઈ હતી અને પલટી મારી ગઈ હતી. એક યુવક અને એક યુવતીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ યુવતીનું હોસ્પિ.માં મોત થયું હતું. મૃતકોમાં ધ્રોળવીરસિંહ રાજપાલસિંહ રાણા (વસ્ત્રાલ, અમદાવાદ), આસ્થા સંજયરાજ રાઠોડ (મૂળ રાજકોટ, હાલ આંબાવાડી ગર્લ્સ હોસ્ટેલ, અમદાવાદ) અને વૈશ્વી શંશાંકભાઈ શેઠ (બોડકદેવ, અમદાવાદ)નો સમાવેશ થાય છે. આસ્થા રાઠોડ અમદાવાદમાં એમબીબીએસના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી હતી.

### પાલનપુર-ડીસા હાઈવે પર રિક્ષાને ટક્કરમાં ત્રણનાં મોત

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર-ડીસા હાઈવે પર બાદરપુરા પાટિયા નજીક અજાણ્યા વાહનની ટક્કરથી રિક્ષામાં સવાર ત્રણ લોકોનાં મોત થયાં હતાં. પ્રાથમિક માહિતી મુજબ, ડીસા તાલુકાના સોડિયા ગામનો પરિવાર પાલનપુર ખાતે સારવાર કરાવીને રિક્ષામાં ડીસા તરફ પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન બાદરપુરા પાટિયા પાસે અજાણ્યા વાહને રિક્ષાને ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સોડિયા ગામના પતિ-પત્ની અને સોતમલા ગામના રિક્ષાચાલકનું મોત થયું હતું. ટક્કર માર્યા બાદ અજાણ્યો વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ગઢ પોલીસ સ્થળ પર પહોંચી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને પોલીસે અજાણ્યા વાહનચાલકની શોધ સહિતની તપાસ હાથ ધરી હતી.

### અમીરગઢમાં બાઈકને ટક્કરમાં જવાન અને મિત્રનાં મોત

બનાસકાંઠામાં બીજી દુર્ઘટના અમીરગઢ નજીક પવન સિમેન્ટ ફેક્ટરી પાસે મોડી રાત્રે બની હતી. બાઈક પર સવાર બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારતાં બંનેનાં મોત થયાં હતાં. મૃતકોમાં એક ગ્રામ્ય રક્ષક દળ (GRD) નો જવાન અને તેનો મિત્ર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં અમીરગઢ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે અમીરગઢ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માત સર્જીને ફરાર થયેલા અજાણ્યા વાહનચાલક સહિતના મુદ્દે તપાસ હાથ ધરી છે.

---

# ભારત અને ફ્રાન્સ સહિત અનેક દેશોમાં સરકારો સામે વિરોધ પ્રદર્શનો કેમ ચાલી રહ્યાં છે?



ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

ભારતની જેમ વિશ્વભરના ઘણા દેશોમાંથી વિરોધ પ્રદર્શનોના સમાચાર આવી રહ્યા છે. પ્રગતિશીલ ગણાતા ફ્રાન્સમાં હિંસક વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યાં છે. તદુપરાંત બ્રાઝિલ, સ્પેન, અલ્બેનિયા, ઇટાલી અને બેલ્જિયમમાં પણ સમાન ઘટનાઓ બની રહી છે. આમાંનાં મોટાભાગનાં આંદોલનો એકબીજા સાથે જોડાયેલાં નથી. ફ્રાન્સમાં થયેલી હિંસાએ ઘણા યુરોપિયન દેશોમાં સરકારના વિરોધીઓને મોરચો માંડવાની પ્રેરણા આપી છે. અલ્બેનિયામાં વિદ્યાર્થીઓ વડા પ્રધાન એડી રામાની સરકાર સામે રસ્તા પર ઊતરી આવ્યા છે. તેમની મુખ્ય માગણીઓમાં ભ્રષ્ટાચાર પર કડક કાર્યવાહી, રોજગારની સારી તકો અને શિક્ષણપ્રણાલીમાં સુધારો સામેલ છે. દક્ષિણ કિનારે વૈભવી રિસોર્ટ બનાવવાની વિવાદાસ્પદ યોજનાઓએ પણ લોકોના ગુસ્સાને વેગ આપ્યો છે. ઇટાલીમાં ફુગાવો, ઈંધણના વધતા ભાવ અને સામાન્ય લોકો પર વધતા આર્થિક બોજ સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. ઉત્તરીય શહેરોમાં મુખ્યત્વે વિદ્યાર્થીઓ રસ્તા પર ઊતરી આવ્યા છે, જ્યારે દક્ષિણમાં ખેડૂતો, માછીમારો અને ટ્રકચાલકો ઈંધણના ભાવ સામે વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે.

સ્પેનમાં ઊંચાં ભાડાં અને વધતા જતા રહેઠાણસંકટને લઈને મોટા વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. ૮૭ વર્ષીય મારિયા ડેલ કાર્મેન અબાસ્કલને મેડ્રિડમાં તેમના લાંબા સમયથી રહેતા ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યાં ત્યારે ગુસ્સો વધુ તીવ્ર બન્યો હતો. તેઓ લગભગ સાત દાયકાથી આ ઘરમાં રહેતાં હતાં. આ ઘટનાથી ભાડૂઆતોના અધિકારો અંગે દેશભરમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયાં હતાં. ભાડૂઆત સંગઠનો ભાડા નિયંત્રણ કાયદો લાગુ કરવાની અને ઘર ખાલી કરાવવાની પ્રક્રિયા બંધ કરવાની માગણી કરી રહ્યાં છે. બેલ્જિયમમાં ટ્રેડ યુનિયનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, જાહેર સેવકો અને અન્ય સામાજિક સંગઠનો સરકારની આર્થિક નીતિઓનો વિરોધ કરી રહ્યાં છે. લોકોનો મુખ્ય ગુસ્સો બજેટમાં કાપ, જાહેર સેવાઓ પરના ખર્ચમાં ઘટાડો અને સામાજિક સુરક્ષાનાં પગલાંને કારણે છે. બ્રાઝિલમાં રાષ્ટ્રપતિની ચૂંટણીના બીજા તબક્કા પહેલાં વિદ્યાર્થી સંગઠનો અને ડાબેરી સમર્થકોએ જમણેરી ઉમેદવાર ફ્લેવિયો બોલ્સોનારો વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું. તેઓ પ્રથમ તબક્કામાં ટોચ પર રહ્યા હતા. વિરોધીઓ કહે છે કે જમણેરી પાંખનો વધતો પ્રભાવ લોકશાહીને નુકસાન પહોંચાડી શકે છે.

ફ્રાન્સ વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. ત્યાં આધુનિક શહેરો અને શિક્ષણ તથા આરોગ્યસંભાળ સહિતની મજબૂત સરકારી વ્યવસ્થા છે. આ હોવા છતાં, સરકારી નિર્ણયો સામે અહીં વારંવાર મોટા વિરોધ પ્રદર્શનો થાય છે. ક્યારેક લાખો કામદારો પેન્શનના ફેરફારોનો વિરોધ કરવા હડતાળ પર ઊતરે છે, તો ક્યારેક સામાન્ય લોકો વધતા ઈંધણના ભાવનો વિરોધ કરવા રસ્તા પર ઊતરી આવે છે. હવે શાળાઓની ખરાબ સ્થિતિને લઈને શરૂ થયેલું વિદ્યાર્થી આંદોલન મોંઘવારી અને સરકારી નીતિઓ સામેના મોટા વિરોધમાં ફેરવાઈ ગયું છે.

ફ્રાન્સમાં એક જ મુદ્દાને કારણે વિરોધ પ્રદર્શનો આટલાં વ્યાપક કેવી રીતે બને છે? તેની પાછળનાં કારણોમાં ફક્ત ફુગાવો જ નહીં, પરંતુ લોકોની આર્થિક સમસ્યાઓ, સરકારી નિર્ણયો સાથેનો સંઘર્ષ અને રાજકીય અસ્થિરતા પણ છે. ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શનો મુખ્યત્વે શાળાઓની નબળી સ્થિતિ, શિક્ષકોની અછત, ગીચ વર્ગખંડો અને શિક્ષણપ્રણાલીની અન્ય સમસ્યાઓને કારણે શરૂ થયાં હતાં. વિદ્યાર્થી સંગઠનો સાથે શિક્ષકો અને ટ્રેડ યુનિયનો પણ જોડાયાં હતાં. મોંઘવારી, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ, વેતન અને જાહેર સેવાઓની સ્થિતિ પણ મુખ્ય મુદ્દાઓ બની ગયા છે. ઘણાં શહેરોમાં વાહનોને આગ ચાંપવામાં આવી છે અને પોલીસ સાથે અથડામણો થઈ છે.

ફ્રાન્સનું અર્થતંત્ર મોટું છે, પરંતુ દેશની કુલ સંપત્તિ સરેરાશ પરિવારની સંપત્તિનું પ્રતિબિંબ નથી. સરકારી આંકડા દર્શાવે છે કે ત્યાં નોંધપાત્ર સંખ્યામાં લોકો નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ફ્રાન્સની સરકારી એજન્સી INSEE અનુસાર, ૨૦૨૪માં મુખ્ય ભૂમિ પર આશરે ૯૮ લાખ લોકો ગરીબી રેખા નીચે રહેતા હતા, જે વસ્તીના ૧૫.૪ ટકા હતા. એક વ્યક્તિ માટે ગરીબીની મર્યાદા દર મહિને ૧,૩૩૭ યુરો હતી. આ મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા લોકોને ગરીબ ગણવામાં આવતા હતા. સંપત્તિનું વિતરણ પણ અસમાન છે. સૌથી ધનિક ૧૦ ટકા પરિવારો દેશની કુલ સંપત્તિના આશરે ૪૮ ટકા હિસ્સા પર કબજો ધરાવે છે. સૌથી ગરીબ અડધા પરિવારો પાસે કુલ સંપત્તિનો માત્ર ૭ ટકા હિસ્સો છે. જ્યારે ઘરનું ભાડું, વીજળી, ખોરાક અને બળતણ મોંઘાં થાય છે, ત્યારે ઓછી અને મધ્યમ આવક ધરાવતા પરિવારોના બજેટ પર દબાણ આવે છે.

ફ્રાન્સમાં પેન્શન અને રોજગાર અંગેના સરકારી નિર્ણયો ઘણી વાર નોંધપાત્ર વિવાદનું કારણ બને છે, કારણ કે તેની લોકોની કમાણી, કાર્યકારી આયુષ્ય અને ભવિષ્યની નાણાકીય સુરક્ષા પર સીધી અસર પડે છે. ૨૦૨૩માં રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનની સરકારે નિવૃત્તિની વય ૬૨થી વધારીને ૬૪ વર્ષ કરવાનો કાયદો ઘડ્યો હતો. વિરોધ કરનારાઓને લાગ્યું કે હવે તેમને પેન્શન મેળવવા માટે બે વર્ષ વધુ કામ કરવું પડશે. ખાસ કરીને નાની ઉંમરે કામ કરવાનું શરૂ કરનારાઓ માટે આ ચિંતાનો વિષય હતો. આ નિર્ણયથી દેશભરમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થયાં હતાં. જ્યારે લોકોને લાગે છે કે સરકારી સુધારાનો ભાર કામદારો પર પડે છે, ત્યારે તેઓ વિરોધ કરે છે.

હાલની ચળવળ શાળાઓની સમસ્યાઓને કારણે શરૂ થઈ છે. વિદ્યાર્થીઓ ફરિયાદ કરે છે કે ઘણી શાળાઓમાં શિક્ષકોની અછત, ગીચ વર્ગખંડો અને અપૂરતી સુવિધાઓનો સામનો કરવો પડે છે. કેટલાક વિદ્યાર્થીઓએ અભ્યાસના લાંબા કલાકો અને યુનિવર્સિટીમાં પ્રવેશની પ્રક્રિયા પર પણ સવાલ ઉઠાવ્યા છે. વિદ્યાર્થીઓ માટે આ ફક્ત શાળાનાં મકાનો કે શિક્ષકોના અભાવની વાત નથી. તેઓ ચિંતા કરે છે કે જો તેમને સારું શિક્ષણ નહીં મળે, તો નોકરી શોધવાની અને સારું ભવિષ્ય બનાવવાની તેમની તકો પર અસર પડી શકે છે. જોકે, શાળાઓની સમસ્યાઓ ઉકેલવા માટે સરકારે નાણાં ખર્ચવાં પડે છે. ફ્રાન્સ પણ વધતા જાહેર દેવાના દબાણનો સામનો કરી રહ્યું છે. જૂન ૨૦૨૬ના અંતે દેશનું જાહેર દેવું GDPના ૧૧૯ ટકા જેટલું હતું. સરકારને શિક્ષણ, હોસ્પિટલો, પેન્શન, સંરક્ષણ અને અન્ય જાહેર સેવાઓ પર ખર્ચ કરવો પડે છે, જેના કારણે બજેટ અંગેના નિર્ણયો મુશ્કેલ બને છે.

૨૦૨૪ની ફ્રાન્સની સંસદીય ચૂંટણીઓ પછી કોઈ પણ પક્ષ કે ગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળી નહોતી. સંસદીય બેઠકો ડાબેરી પક્ષો, રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનના સમર્થકો અને જમણેરી પક્ષો વચ્ચે વહેંચાયેલી હતી. આથી સરકાર માટે તેના બજેટ અને અન્ય નીતિઓને સંસદની મંજૂરી અપાવવી મુશ્કેલ બની ગઈ હતી. તેની અસર સરકારની સ્થિરતા પર પણ પડી હતી. ડિસેમ્બર ૨૦૨૪માં સાંસદોએ વડા પ્રધાન મિશેલ બાર્નિયરની સરકાર વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૫માં બજેટ અને જાહેર દેવું ઘટાડવાની યોજનાઓ અંગેના વિવાદો પછી વડા પ્રધાન ફ્રાન્કોઇસ બાયરોની સરકાર પણ પડી ગઈ હતી. ત્યારથી રાજકીય પક્ષો બજેટ અંગે સતત સંઘર્ષ કરી રહ્યા છે. આ રાજકીય ખેંચતાણની સામાન્ય લોકોની સમસ્યાઓ પર પણ અસર પડે છે. જ્યારે પક્ષો સરકારી ખર્ચ, કરવેરા અને બજેટમાં કાપ અંગે સહમત થઈ શકતા નથી, ત્યારે શિક્ષણ, આરોગ્ય અને અન્ય જાહેર સેવાઓ અંગેના નિર્ણયો લેવામાં અવરોધ ઊભા થાય છે.

ફ્રાન્સની રાજકીય કટોકટીએ વર્તમાન રાષ્ટ્રપતિ મેક્રોનની મુશ્કેલીઓ વધારી દીધી છે. વિરોધ પ્રદર્શનોને પગલે તેમના હરીફોને ફાયદો થવાની ધારણા છે. હાલની ઉથલપાથલથી દૂર જમણેરી નેશનલ રેલીનાં નેતા મરીન લે પેનને ફાયદો થશે એવું માનવામાં આવે છે. તેઓ ૨૦૨૭ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પહેલેથી જ આગળ છે. હિંસાને કારણે લોકોમાં ઊભા થયેલા ગુસ્સા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગેના ભયનો તેમને ફાયદો થવાની શક્યતા છે. હવે સાથી પક્ષો પણ મેક્રોનથી નારાજ છે. રાષ્ટ્રપતિ મેક્રોનના વિરોધીઓ તેમજ તેમના ભૂતપૂર્વ સાથીઓ હવે ખુલ્લેઆમ તેમની ટીકા કરી રહ્યા છે. તેઓ માને છે કે ફ્રાન્સ આજે જે સંકટમાં છે, તે મેક્રોનના ૨૦૨૪માં અચાનક ચૂંટણી યોજવાના નિર્ણયને કારણે છે, જેના પરિણામે તેમની પોતાની રાજકીય તાકાત નબળી પડી ગઈ છે.

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનોનાં મૂળમાં ખોટી આર્થિક નીતિઓ છે, પરંતુ વિરોધ કરનારાઓ એ ભ્રમમાં છે કે સરકારો બદલવાથી તેમની સમસ્યાઓ હલ થઈ જશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**વિશ્વના અનેક દેશોમાં ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનોના મૂળમાં ખોટી આર્થિક નીતિઓ છે, પણ વિરોધ કરનારાઓ ભ્રમમાં છે કે સરકારો બદલવાથી તેમની સમસ્યાઓ હલ થઈ જશે**

---

## BUSINESS મિત્ર

# પેટ્રોલ કારનો હિસ્સો ઘટીને 41% થયો

**ભારતીય** કાર બજારમાં ઐતિહાસિક વળાંકઃ સીએનજી, હાઇબ્રિડ અને ઇલેક્ટ્રિક વાહનો પેટ્રોલની બરોબરી પર!

મુંબઈ, તા. 20 : પેટ્રોલ કારનું વેચાણ ઘટીને 41 ટકા રહી ગયું છે, જે હવે CNG, હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહનોના સંયુક્ત બજાર હિસ્સા જેટલું છે. બદલાતી ગ્રાહક પસંદગીઓ અને કડક એમિશન ધોરણોને અનુરૂપ થવા માટે, મહિન્દ્રા અને મહિન્દ્રા, રેનો અને સ્ટેલાન્ટિસ જેવા ઓટોમેકર્સ તેમની ઉત્પાદન પાઈપલાઈન્સમાં વૈવિધ્યીકરણ કરી રહ્યા છે. આ બદલાવ માટે ભારે રોકાણની જરૂર છે.

ભારતીય પેસેન્જર વાહન બજાર એક માળખાકીય પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, જેમાં પરંપરાગત માત્ર પેટ્રોલથી ચાલતા એન્જિનોનું સ્થાન વૈકલ્પિક ઈંધણ તકનીકો લઈ રહી છે. આંકડા દર્શાવે છે કે કુલ બજારમાં પેટ્રોલ કારનું વેચાણ ઘટીને 41 ટકા થઈ ગયું છે, જ્યારે CNG, હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક વાહનોનો સંયુક્ત હિસ્સો પણ 41 ટકા સુધી પહોંચી ગયો છે. આ સમાનતા ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ વળાંક છે, જે કંપનીઓને વધુ જટિલ બજારમાં ટકી રહેવા માટે 'એક જ પ્રકારના એન્જિન'ની રણનીતિ છોડીને આગળ વધવા માટે મજબૂર કરી રહી છે.

આ પરિવર્તન પાછળ બે મુખ્ય પરિબળો છે. પ્રથમ, ગ્રાહકો વધુને વધુ એવા વિકલ્પો પસંદ કરી રહ્યા છે જેની ઈંધણ ક્ષમતા સારી હોય અથવા જેની રનિંગ કોસ્ટ ઓછી હાય. પેટ્રોલના ઉંચા ભાવ તેમને આ કરવા પ્રેરી રહ્યા છે, જે CNG અથવા હાઈબ્રિડ, ઓફર કરે છે. બીજું, કડક સરકારી ઉત્સર્જન ધોરણો ફક્ત પરંપરાગત આંતરિક કમ્બશન એન્જિન પર આધાર રાખવાનું મુશ્કેલ બનાવી રહ્યા છે. આ ધોરણોને પૂર્ણ કરવા માટે, ઓટોમેકર્સને સ્વચ્છ ટેકનોલોજીમાં રોકાણ કરવા અને તેમના પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે. કંપનીઓ હવે રાષ્ટ્રીય સ્તરે સ્ટાન્ડર્ડ રોલઆઉટ કરતાં પ્રાદેશિક પસંદગીઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ઉદાહરણ તરીકે, રેનો ગ્રુપ ઈન્ડિયા ઈલેક્ટ્રિક અને CNG સેગમેન્ટમાં વિસ્તરણ કરીને તેના બજાર કવરેજને 80 ટકા સુધી વિસ્તૃત કરવાની યોજના બનાવી રહી છે, તે સ્વીકારે છે કે મર્યાદિત એન્જિન વિકલ્પો અગાઉ તેના વિકાસને પ્રતિબંધિત કરતા હતા.

સ્ટેલાન્ટિસ ઈન્ડિયા 2027 સુધીમાં ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ અને પેટ્રોલ મોડેલ્સનું મિશ્રણ લાવીને મળતી એનર્જી અભિગમની યોજના બનાવી રહી છે. તેવી જ રીતે, મહિન્દ્રા અને મહિન્દ્રાએ તેના પ્રબળ SUV પોર્ટફોલિયોને પૂરક બનાવવા માટે ફેક્ટરી-ફિટેડ CNG ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. ટોયોટા કિર્લોસ્કર આ દિશામાં પ્રારંભિક મુવર્સ રહી છે, શહેરી માંગને પહોંચી વળવા માટે CNG મોડેલ્સ સાથે ઓટોમેટિક ટ્રાન્સમિશનને એકીકૃત કરી રહી છે, જે દર્શાવે છે કે ફીચર સેટમાં નાના એડજસ્ટમેન્ટ પણ વેચાણને વેગ આપી શકે છે.

રોકાણકારો માટે, આ પરિવર્તન બેધારી તલવાર સમાન છે. મલ્ટી-ફ્યુઅલ (બહુવિધ ઈંધણ આધારિત) પ્લેટફોર્મ તરફ આગળ વધવા માટે સંશોધન, વિકાસ અને નવી ઉત્પાદન લાઈનો પાછળ મોટા પાયે ખર્ચ કરવાની જરૂર પડે છે. બજારમાં પોતાનો હિસ્સો જાળવી રાખવા માટે આ રોકાણો અનિવાર્ય હોવા છતાં, તેના કારણે નફાના માર્જિન પર કામચલાઉ દબાણ આવી શકે છે.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 94.92 રૂ. |
| યુરો | 106.40 રૂ. |
| પાઉન્ડ | 126.51 રૂ. |
| યેન | 0.5995 રૂ. |

# ભારતીય ઓટો માર્કેટમાં યુવીનું વર્ચસ્વ

**નાણાકીય** વર્ષ 2026-27માં અત્યાર સુધીમાં વેચાયેલા દર 10 પેસેન્જર વાહનોમાંથી લગભગ 7 યુટિલિટી વાહનો રહ્યા, જે લગભગ 70 ટકા હિસ્સો છે

મુંબઈ, તા. 20: જેએમ ફાઈનાન્શિયલના તાજેતરના અહેવાલ મુજબ, ભારતના પેસેન્જર વ્હીકલ માર્કેટમાં યુટિલિટી વ્હીકલ સેગમેન્ટનું વર્ચસ્વ સતત વધી રહ્યું છે. નાણાકીય વર્ષ 2026-27માં, અત્યાર સુધીમાં વેચાયેલા દર 10 પેસેન્જર વાહનોમાંથી લગભગ 7 યુટિલિટી વાહનો રહ્યા છે. આ સેગમેન્ટ એકંદર વૃદ્ધિને આગળ વધારવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી રહ્યું છે.

એપ્રિલ-સપ્ટેમ્બર 2026 દરમિયાન એકંદરે 28 ટકાની વૃદ્ધિની સરખામણીમાં સપ્ટેમ્બર 2026માં સ્થાનિક પેસેન્જર વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે 22 ટકા વધ્યું છે. યુટિલિટી વાહનોએ આ વૃદ્ધિમાં સૌથી વધુ ફાળો આપ્યો છે. આ સમયગાળા દરમિયાન યુટિલિટી વાહનોના વેચાણમાં 31 ટકાનો વધારો થયો છે, જ્યારે કારના વેચાણમાં 23 ટકાનો વધારો થયો છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે પેસેન્જર વાહનોમાં યુવીનો હિસ્સો સપ્ટેમ્બર 2025માં લગભગ 67 ટકાથી વધીને સપ્ટેમ્બર 2026માં લગભગ 69 ટકા થઈ ગયો છે. નાણાકીય વર્ષ 2026-27માં અત્યાર સુધીમાં આ આંકડો લગભગ 68 ટકા સુધી પહોંચી ગયો છે.

ટુ-વ્હીલર માર્કેટમાં પણ ડિમાન્ડ યથાવત રહી હતી. સપ્ટેમ્બર 2026માં આઈસીઈ ટુ-વ્હીલરના વેચાણમાં 11 ટકાનો વધારો થયો હતો, જ્યારે એપ્રિલ-સપ્ટેમ્બરમાં 13 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. સ્કૂટર્સે વધુ સારૂં પ્રદર્શન કર્યું, જ્યારે મોટરસાયકલોએ 10 ટકાનો વધારો કર્યો. 150 સીસીથી વધુની ક્ષમતાવાળા મોડેલો મુખ્ય ડ્રાઈવર બન્યા. કોમર્શિયલ વ્હીકલ સેગમેન્ટમાં પણ મજબૂત માંગ જોવા મળી હતી. નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં સ્થાનિક વેચાણમાં 29 ટકાનો વધારો થયો હતો અને વર્ષની શરૂઆતથી 24 ટકાનો વધારો થયો હતો.

# બ્રેન્ટ ક્રુડ 111 ડોલરે, એશિયન બજારોમાં તીવ્ર ઘટાડો

**ગલ્ફ** વિસ્તારમાં તણાવ અને જહાજો પરના હુમલાથી ઉર્જા પુરવઠો જોખમમાં, જાપાન અને કોરિયા સહિતના બજારોમાં ભારે ઘટાડો

મુંબઈ, તા. 20 : વૈશ્વિક વેપાર બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ $110 વટાવીને પાંચ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી છે. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ સત્ર દરમિયાન $111.42 સુધીની વૃદ્ધિ થઈ હતી, જે મે પછીની સર્વોચ્ચ સપાટી છે.

ગલ્ફ વિસ્તારમાં જહાજો પરના હુમલા, હુથી જૂથ દ્વારા કરવામાં આવતા નવા હુમલા અને ઈરાનને લગતા વધતા જતા ભૌગોલિક-રાજકીય તણાવને કારણે વેપારીઓ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાનું 'રિસ્ક પ્રીમિયમ' ઉમેરી રહ્યા છે. આ વર્ષે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં લગભગ 80 ટકાનો વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય ઓઈલ બેન્ચમાર્ક 'બ્રેન્ટ ક્રૂડ' 1.71 ટકાના વધારા સાથે પ્રતિ બેરલ $111.42 પર પહોંચ્યું છે. અગાઉના સત્રમાં, બ્રેન્ટ ક્રૂડ $110.70 ના સ્તર સુધી પહોંચ્યું હતું, જે 20 મે પછીનું સૌથી ઊંચું સ્તર છે. દરમિયાન, યુએસ 'વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ' (WTI) ક્રૂડમાં 2.18 ટકાનો વધારો થયો છે અને તે પ્રતિ બેરલ $100.69 પર પહોંચ્યું છે.

ક્રુડમાં ઉછાળાની અસર 20 ઓક્ટોબરના રોજ શેર બજારો પર જોવા મળી છે. ભારતીય શેર બજાર દશેરાના અવસરે બંધ છે. પરંતુ, બીજી એશિયાઈ બજારોમાં ઘટાડો મળ્યો હતો. જાપાનનો નિક્કી 1.63 ટકા નીચે ચાલી રહ્યો હતો. સિંગાપોરનું સ્ટ્રેટ ટાઈમ્સ 0.25 નીચે જ્યારે હેંગસેંગમાં 1.38 ટકા ઘટાડો જોવા મળ્યો. તાઈવાનનો સૂચકાંક 1.14 નીચે તેમજ દક્ષિણ કોરિયાના બજાર કોસ્પી માં 3.88 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. યમનમાં લશ્કરી તાલીમ શિબિર પર હુથી જૂથ દ્વારા કરવામાં આવેલા નવા હુમલાઓ, તેમજ સાઉદી અરેબિયાના ઉર્જા, એરપોર્ટ અને લશ્કરી મથકોને નિશાન બનાવવાની ઘટનાઓને કારણે ક્રૂડના ભાવને વેગ મળ્યો છે. શિપિંગ ટ્રેકિંગ ફર્મ 'કેપ્લર' (Kpler) ના જણાવ્યા અનુસાર, છેલ્લા બે અઠવાડિયામાં ઓછામાં ઓછા 18 જહાજો પર હુમલા થયા છે.

# ભારત-ન્યૂઝીલેન્ડ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ લાગુ

**દવા**, જુતા, કપડાની નિકાસ પર શૂન્ય ટેક્સ

**એમએસએમઇને** વૈશ્વિક બજારોમાં વધુ પહોંચ મળશે અને ખેડૂતોને વધુ સુરક્ષા મળશે

મુંબઈ, તા. 20: ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો આજથી અમલમાં આવ્યો છે. આ કરાર ભારતીય એમએસએમઈ, ખેડૂતો અને શ્રમ-સઘન ક્ષેત્રોને ન્યુઝીલેન્ડના બજારમાં વ્યાપક પ્રવેશ પ્રદાન કરશે. ઉપરાંત, ભારતીય નિકાસકારોને 100 ટકા ડ્યુટી-ફ્રી માર્કેટ એક્સેસ મળશે, જ્યારે ડેરી જેવા સંવેદનશીલ ક્ષેત્રોને સંપૂર્ણ રીતે સુરક્ષિત કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે કહ્યું છે કે ભારતીય નિકાસ માટે 100 ટકા ડ્યુટી ફ્રી એક્સેસ એમએસએમઈ, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને શ્રમ આધારિત ઉદ્યોગો માટે નવી તકો ખોલશે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, આ કરાર અમારા વ્યાવસાયિકો માટે નવી તકો પણ ખોલશે, જ્યારે એ સુનિશ્ચિત કરશે કે ભારતના મૂળભૂત હિતો સંપૂર્ણપણે સુરક્ષિત છે. આમ, કપડા, જુતા, દવા, એન્જિનીયરીંગ પ્રોડક્ટસ આયાત ડ્યુટી વગર બજાર મળશે. ગોયલે કહ્યું કે ભારતીય ખેડૂતોને ફળો, શાકભાજી, મસાલા અને અન્ય કૃષિ ઉત્પાદનો માટે વધુ બજાર પ્રવેશ મળશે.

# ઈન્ડોનેશિયાના શેરબજારમાં મજબૂત રીકવરી

**એમએસસીઆઇએ** ઇન્ડોનેશિયન શેરબજારને ઇમર્જીંગ બજારની યાદીમાંથી હટાવવાની ધમકી આપી હતી છતાં ઇમર્જીંગ બજારની સ્થિતિ જાળવી રાખશે

નવી દિલ્હી, તા. 20: ઈન્ડોનેશિયાના શેરબજારોમાં 20 ઓક્ટોબરે રીકવરી જોવા મળી હતી. શેરબજારના મુખ્ય ઈન્ડેક્સ જકાર્તા 3.46 ટકા વધારા સાથે 5168 પોઈન્ટ પર ટ્રેડ કરી રહ્યા છે. આનું કારણ એમએસસીઆઈની ચેતવણી બાદ અધિકારીઓ દ્વારા લેવામાં આવેલા પગલાં છે. જોકે, આ પ્રયાસો બાદ એમએસસીઆઈનું વલણ બદલાશે.

16 ઓકટોબરે એમએસસીઆઈએ ઈન્ડોનેશિયન શેરબજારને ઈમર્જીંગ બજારોની સુચિમાંથી દુર કરવાની ધમકી આપી હતી. જે ટ્રેડિંગ સેશનમાં 15 ટકાનો ઘટાડો નોંધાયો હતો. જોકે, મંગળવારે 4.3 ટકા સુધી ઉછળ્યો હતો. જોકે, આ પુનઃ પ્રાપ્તિ હોવા છતાં ઈન્ડોનેશિયાનું શેરબજાર વિશ્વનું સૌથી ખરાબ પ્રદર્શન કરતું બજાર કરતું બજાર છે. 2026માં જકાર્તા કમ્પોઝિટ ઈન્ડેક્સમાં 40 ટકાનો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમ્યાન વિશ્વના કોઈ મોટા બજારમાં આટલો ઘટાડો જોવા મળ્યો નથી. સૌપ્રથમ એ સમજવું મહત્વપુર્ણ છે કે ઈન્ડોનેશિયાના શેરબજારો અચાનક શા માટે આટલું મોટું ઘટ્યું હતું.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા, ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-30 | ૫૬૦૦ |
| એસ-30 | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૯૧૫૦ |
| તેજાબી સોનું | ૧૪૯૦૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૧૬૯૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૬૧૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૯૧૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૧૧૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૩૦૦ |